**ICICI Bank Limited**
ICICI Bank Towers
Bandra-Kurla Complex
Bandra (E) Mumbai-400051.

**અખબારી યાદી** **સપ્ટેમ્બર 24, 2013**

# આઇસીઆઇસીઆઇ બેન્કે 'પોકેટ્સ બાય આઇસીઆઇસીઆઇ બેન્ક'ની રજૂઆત કરી

- સમગ્ર વિશ્વમાં ફેસબુક પર આ પ્રકારની સૌપ્રથમ એપ્લિકેશન
- આ એપ્લિકેશન વડે ગ્રાહકો ફેસબુક પર વ્યાપક પ્રકારના આર્થિક વ્યવહારો હાથ ધરી શકે છે

**મુંબઈ** - ભારતના ખાનગી ક્ષેત્રની સૌથી વિશાળ બેન્ક એવી આઇસીઆઇસીઆઇ બેન્કે આજે 'પોકેટ્સ બાય આઇસીઆઇસીઆઇ બેન્ક'ની રજૂઆતની જાહેરાત કરી છે. આ એક એપ્લિકેશન છે કે જેના વડે ગ્રાહકો સોશિયલ મીડિયા સાઇટ ફેસબુક ઉપર વિવિધ પ્રકારની બેન્કિંગ સર્વિસિઝનો લાભ લઈ શકે છે.

સમગ્ર વિશ્વમાં ફેસબુક પર આ પ્રકારની આ સૌપ્રથમ એપ્લિકેશન છે. 'પોકેટ્સ બાય આઇસીઆઇસીઆઇ બેન્ક' બેન્કના ગ્રાહકો જ્યારે ફેસબુક પર હોય ત્યારે પણ તેમને બેન્કિંગની સવલત પ્રદાન કરે છે. આ એપ્લિકેશન આઇસીઆઇસીઆઇ બેન્ક યુવાનો અને સોશિયલ મીડિયા સાથે જોડાયેલી હોવા પર ભાર મૂકે છે.

આ પ્રસંગે પ્રતિક્રિયા આપતા, આઇસીઆઇસીઆઇ બેન્કના મેનેજિંગ ડિરેક્ટર અને સીઇઓ ચંદા કોચરે જણાવ્યું હતું કે, "બેન્કિંગ ક્ષેત્રે ટેક્નોલોજીને લગતું નવીન રીત દાખલ કરવાની બાબતમાં આ બેન્ક હંમેશા મોખરે રહી છે. 'પોકેટ્સ બાય આઇસીઆઇસીઆઇ બેન્ક'ની રજૂઆત સાથે, અમે વિશ્વમાં ફેસબુક ઉપર સૌથી સમાવેશક એવી બેન્કિંગ એપ્લિકેશન લાવ્યા છીએ. આ નવીન પહેલ અમારી ખયાલ આપકાની ફિલોસોફીને સુસંગત છે, જે અમે બેન્કિંગને વધુ સરળ બનાવે અને અમારા ગ્રાહકોને વધુ અનુકૂળ હોય એવા ઉત્પાદનો અને સેવાઓ પૂરી પાડીએ છીએ."

"પોકેટ્સ બાય આઇસીઆઇસીઆઇ બેન્ક' વડે ફેસબુક ઉપર ઘણો સમય વિતાવતા યુવાન ગ્રાહકો સોશિયલ મીડિયા સાઇટ છોડ્યા વિના જ વ્યાપક પ્રકારના વ્યવહારો હાથ ધરી શકશે."

સમગ્ર ભારતમાં ફેસબુક ૮૨ મિલિયન વપરાશકારો ધરાવે છે, જે પૈકીના ૪૦ ટકા લોકો ૩૦ વર્ષથી નીચેની વયના છે.

પાછલા વર્ષએ બેન્કે રજૂ કરેલી 'યોર બેન્ક' ફેસબુક એપ્લિકેશનની આ કુદરતી પ્રગતિ છે. આ એપ્લિકેશન વડે ગ્રાહકો જ્યારે ફેસબુક પર હોય ત્યારે પોતાના બચત ખાતાની વિગતો અને સ્ટેટમેન્ટ્સ નિહાળી શકે છે તેમજ ચેક બુક ઓર્ડર કરી શકે છે તથા ડેબિટ કાર્ડ અપગ્રેડ કરી શકે છે.

'પોકેટ્સ બાય આઇસીઆઇસીઆઇ બેન્ક' ઘણી નિરાળી ખાસિયતો પૂરી પાડે છે જેમ કે ઃ

- **સ્પ્લિટ 'એન' શેર** - આ ખાસિયત ગ્રાહકોને અલગ થવાની અને જૂથના ખર્ચ પર દેખરેખ રાખવાની તથા તેને ફેસબુક પર મિત્રો સાથે શેર કરવાની સુવિધા આપે છે. આ એપ્લિકેશન મિત્રોને બાકી ચૂકવણી અંગે યાદ અપાવતો સંદેશો મોકલવાનો વિકલ્પ પણ ગ્રાહકોને પૂરો પાડે છે.

- **પે અ ફ્રેન્ડ** - આ સુવિધા વડે ગ્રાહકો પોતાના મિત્રોના ખાતા નંબર, બેન્ક શાખા, શાખાનો આઇએફએસસી (IFSC) કોડ વગેરે જેવી બેન્ક ખાતાની વિગતોની માહિતી વગર તેમને ભંડોળ ટ્રાન્સફર કરી શકે છે. આ સુવિધા મારફત ગ્રાહકો એક ઇલેક્ટ્રોનિક કૂપન સર્જી શકશે, જેને તેમના મિત્રો www.icicibank.com પર રીડિમ કરી શકે છે.

- **પ્રિપેઇડ મોબાઇલનું રિચાર્જ** - 'પોકેટ્સ બાય આઇસીઆઇસીઆઇ બેન્ક' વડે ગ્રાહકો ફેસબુક પરથી જ પોતાના પ્રિપેઇડ મોબાઇલને તાત્કાલિક રિચાર્જ કરી શકે છે.

- **મૂવી ટિકિટનું બુકિંગ** - વપરાશકારો હવે તેમના ફેસબુકના મિત્રો સાથે તેમનું મનપસંદ મૂવિ પ્લાન કરી શકે છે અને 'પોકેટ્સ બાય આઇસીઆઇસીઆઇ બેન્ક'નો ઉપયોગ કરીને તાત્કાલિક ટિકિટ બુક કરાવી શકે છે.

આ એપ્લિકેશન મારફત એક ગ્રાહક વ્યાપક પ્રકારના બિન-આર્થિક વ્યવહારો હાથ ધરી શકે છે. આ યાદીમાં સંક્ષિપ્ત માહિતીને તેમજ બેન્ક બચત ખાતાનું મિની સ્ટેટમેન્ટ નિહાળવું, ક્રેડિટ કાર્ડની વિગતો જાણવી અને ડિમેટ હોલ્ડિંગ સ્ટેટમેન્ટ્સ મેળવવા જેવી ગતિવિધિનો સમાવેશ થાય છે. આ એપ્લિકેશન મારફત, એક ગ્રાહક ફિક્સ્ડ અથવા રિકરિંગ ડિપોઝિટ ખોલી શકે છે, ચેક બુક ઓર્ડર કરી શકે છે, ચેકની ચૂકવણી અટકાવી શકે છે અને ડેબિટ કાર્ડ અપગ્રેડ કરી શકે છે.

એક ગ્રાહક પોતાના ફેસબુક યુઝર આઇડી સાથે લોગિંગ ઇન કરી, ત્યાર બાદ આઇસીઆઇસીઆઇ બેન્કના અધિકૃત ફેસબુક પેજ (www.facebook.com/icicibank) પર જઈને 'પોકેટ્સ બાય આઇસીઆઇસીઆઇ બેન્ક' ટેબ પર ક્લિક કરીને આ એપ્લિકેશનનો ઉપયોગ કરી શકે છે. ગ્રાહકે પોતાના પિન નંબરની સાથે પોતાના વર્તમાન ડેબિટ કાર્ડનો નંબર દાખલ કરીને આ એપ્લિકેશન માટે નોંધણી કરાવવાની રહેશે. આનાથી ગ્રાહકની પ્રોફાઇલમાં આ એપ્લિકેશન ઉમેરાઈ જશે. નોંધણી પ્રક્રિયા દરમિયાન, ગ્રાહકે હવે પછીના લોગઇન માટે ઉપયોગ કરવા માટેનો ચાર આંકડાનો નવો પિન નંબર પસંદ કરવાનો રહેશે.

'પોકેટ્સ બાય આઇસીઆઇસીઆઇ બેન્ક' સુરક્ષા વિષયક મજબૂત ખાસિયતો સાથે વિકસાવવામાં આવી છે જે સોશિયલ બેન્કિંગના સલામત અનુભવને સુનિશ્ચિત કરે છે.

- **સલામતી –** આ એપ્લિકેશન 128 બિટ એન્ક્રિપ્શનનો ઉપયોગ કરે છે જે ગ્રાહકોની માહિતીને સલામત રાખે છે
- **સુરક્ષિત બ્રાઉઝિંગ –** આ એપ્લિકેશન એચટીટીપીએસ પર ચાલે છે જે વ્યવહારને સુરક્ષિત બનાવે છે
- **સલામત શરૂઆત –** કોઇ પણ પ્રકારના દુરુપયોગને ટાળવા માટે એકાઉન્ટની નોંધણી ગ્રાહકના ડેબિટ કાર્ડ નંબર અને પિનની સત્યતાની ચકાસણી પર આધારિત રખાઈ છે.
- **વ્યવહારની શરૂઆત અંગેની પ્રમાણભૂતતા –** પ્રત્યેક વ્યવહાર માટે ડાયનેમિક રીતે સર્જાતો એક અનોખો ઓટીપી (OTP- વન ટાઇમ પાસવર્ડ) છે, જે ગ્રાહકના નોંધાયેલા મોબાઇલ નંબર પર મોકલવામાં આવે છે, જેથી વ્યવહાર ગ્રાહક દ્વારા જ શરૂ કરવામાં આવ્યો છે તેની ખરાઈ કરી શકાય.

**ICICI Bank Limited**
ICICI Bank Towers
Bandra-Kurla Complex
Bandra (E) Mumbai-400051.

'પોકેટ્સ બાય આઇસીઆઇસીઆઇ બેન્ક' વિશે વધુ જાણવા માટે, કૃપા કરી મુલાકાત લો (www.icicibank.com/pockets) અથવા અમને (https://www.facebook.com/icicibank) પર ફોલો કરો.

**આઇસીઆઇસીઆઇ બેન્ક વિશે** : આઇસીઆઇસીઆઇ બેન્ક (NYSE:IBN) એ ભારતના ખાનગી ક્ષેત્રની સૌથી વિશાળ બેન્ક છે અને તે દેશની બીજા ક્રમની સૌથી વિશાળ બેન્ક છે. આ બેન્ક ૩૧ માર્ચ, ૨૦૧૩ના રોજ આશરે 124 બિલિયન અમેરિકન ડોલરનું સંયુક્ત મુલ્ય ધરાવતી હતી. આઇસીઆઇસીઆઇ બેન્કની પેટાકંપનીઓમાં ભારતના ખાનગી ક્ષેત્રની મોખરાની વીમા કંપનીઓ અને ખાનગી ઇક્વિટી કંપનીઓનો સમાવેશ થાય છે. હાલમાં ભારત સહિતના ૧૯ રાષ્ટ્રમાં આઇસીઆઇસીઆઇ બેન્ક ઉપસ્થિતિ ધરાવે છે.

*Except for the historical information contained herein, statements in this release, which contain words or phrases such as 'will', 'would', etc., and similar expressions or variations of such expressions may constitute 'forward looking statements'. These forward-looking statements involve a number of risks, uncertainties and other factors that could cause actual results to differ materially from those suggested by the forward-looking statements. These risks and uncertainties include, but are not limited to our ability to obtain statutory and regulatory approvals and to successfully implement our strategy, future levels of non-performing loans, our growth and expansion in business, the adequacy of our allowance for credit losses, technological implementation and changes, the actual growth in demand for banking products and services, investment income, cash flow projections, our exposure to market risks as well as other risks detailed in the reports filed by us with the United States Securities and Exchange Commission. ICICI Bank undertakes no obligation to update forward-looking statements to reflect events or circumstances after the date thereof. All reference to interest rates, penalties and other terms and conditions for any products and services described herein are correct as of the date of the release of this document and are subject to change without notice. The information in this document reflects prevailing conditions and our views as of this date, all of which is expressed without any responsibility on our part and is subject to change. In preparing this document, we have relied upon and assumed, without independent verification, the accuracy and completeness of all information available from public sources. ICICI Bank and the "I man" logo are the trademarks and property of ICICI Bank. Any reference to the time of delivery or other service levels is only indicative and should not be construed to refer to any commitment by us. The information contained in this document is directed to and for the use of the addressee only and is for the purpose of general circulation only.*

**For Press Queries:**
Sujit Ganguli
Senior General Manager and Head- Corporate Communications & Brand
ICICI Bank
Mumbai – 51
Email – ganguli.sujit@icicibank.com